GJDH030010762019

સત્યમેવ જયતે

**ક્રિમિનલ કેસ નં. ૯૨૩/૨૦૧૯**
**શ્રી સરકાર**
**વિરુદ્ધ**
**શંકરભાઈ બુધાભાઈ બારીઆ**
**અને બીજાઓ**

Form-A, R.179A of Cr. Manual

**મહેરબાન દેવગઢ બારીઆના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**
**શ્રી(એસ. આર. વકીલ) સાહેબની કોર્ટ સમક્ષ , દેવગઢ બારીઆ**

**આંક - ૫૩**

| | | |
|---|---|---|
| ચુકાદા ની તારીખ | : | ૧૭/03/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૯૨૩/૨૦૧૯ |
| પોલીસ સ્ટેશન /<br>એફ.આઈ.આર. નંબર | | દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન<br>ફર્સ્ટ ગુના રજી. નં. ૩૫/૨૦૧૯ |
| ગુનો | : | ભારતીય દંડ સંહિતાની કલમ<br>૪૩૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ |
| ફરિયાદી | : | **શ્રી સરકાર** |
| ફરિયાદી તરફે | : | વિદ્વાન એ.પી.પી. શ્રી એસ. એમ. ડામોર |
| આરોપી | : | **(૧) શંકરભાઈ બુધાભાઈ બારીઆ**<br>રહે. શીંગેડી, હોળી ફળીયા,<br>તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.<br>**(૨) કાળુભાઈ ફતેસીંગભાઈ પટેલ**<br>રહે. ભુવાલ, ચારી ફળીયા,<br>તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ. |

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

| | | |
|---|---|---|
| આરોપી તરફે | : | વિદ્વાન વકીલ શ્રી એમ. એન. રાણા |
| | | **Form-B, R.179A of Cr. Manual** |
| ગુનાની તારીખ | : | ૦૧/૦૪/૨૦૧૯ |
| ફરિયાદની તારીખ | : | 03/૦૪/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | | 03/૦૪/૨૦૧૯ |
| તહોમતનામુ/પ્લીની તારીખ | : | ૧૧/૧૦/૨૦૧૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૨૮/૦૨/૨૦૨૦ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૧૭/03/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૧૭/03/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | લાગુ પડતું નથી. |
| સમયગાળો | : | **૦૬ વર્ષ ૧૧ મહિના ૧૪ દિવસ** |

**:: આરોપીની વિગત ::**

| અનુ ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાન કે નિર્દોષ | સજા | Cr.P.C. કલમ ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | શંકરભાઇ બુધાભાઇ બારીઆ | ૦૮/૦૪/૨૦૧૯ | ૦૮/૦૪/૨૦૧૯ | ભારતીય દંડ સંહિતાની કલમ-૪૩૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | નથી |

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ०२. | કાળુભાઇ ફતેસીંગભાઇ પટેલ | ૦૮/૦૪/૨૦૧૯ | ૦૮/૦૪/૨૦૧૯ | ઉપર મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | નથી |

**Form-C, R.179A of Cr. Manual**

## :: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ ::

**(એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :- (સી. આર. પી. સી કલમ ૨૪૬ મુજબ)**

| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| 0૧ | ૧૧ | દીપાભાઇ સોનાભાઇ પટેલની જુબાની | ફરિયાદી |
| 0૨ | ૧૬ | કાળીબેન દીપાભાઇ પટેલની જુબાની | સાહેદ |
| 03 | ૨૧ | નરવત સોમાભાઇ બારીયાની જુબાની | પંચસાહેદ |
| 0૪ | ૧૫ | શંકરભાઇ લેમ્બાભાઇ પટેલની જુબાની | પંચસાહેદ |
| 0૫ | ૨૫ | ગીરવતસીંહ તેરસીંહની જુબાની | ત.ક.અમલદાર |
| 0૬ | 30 | દીપસીંગભાઇ મનાભાઇ પટેલની જુબાની | પંચસાહેદ |
| 0૭ | ૪૫ | વિક્રમસીંહ મોહનસીંહ બારીઆની જુબાની | ત.ક.અમલદાર |

**(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :-**

| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :-**

| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

**:: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત ::**

| **(એ) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :** | | |
|---|---|---|
| **અનુક્મ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| ૦૧ | ૧૨ | ફરિયાદ |
| ૦૨ | ૨૨ | અટક પંચનામું |
| ૦૩ | ૪૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| **(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :** | | |
| **અનુક્મ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| | | |
| **(સી) કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :** | | |
| **અનુક્મ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| | | |

## **// જ જ મે ન્ટ //**

**(૧) ફરિયાદની ટૂંકમાં હકીકત :-**

ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા.૦૧/૦૪/૨૦૧૯ ના રોજ કલાક ૧૨:૩૦ વાગે મોજે શીંગેડી ગામે આ કામના આરોપીઓએ ફરિયાદીને કહેલ કે તારી પત્ની ડાકણ છે અને અમોને હેરાન કરે છે તેમ કહી ફરિયાદી તથા તેની પત્નીને માં બેન સમાણી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ફરિયાદીના ઘર આગળ મુકી રાખેલ ડાંગરના ઘાંસમાં આરોપી

શંકરભાઇ બુધાભાઈએ દીવાસળી સળગાવ ઘાંસમાં નાંખી આશરે રૂ. ૧૦,૦૦૦/- નું ઘાંસ સળગાવી દઈ નુકશાન કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ છે.

**(૨) અત્રેની કોર્ટ દ્વારા અનુસરવામાં પ્રિ- ટ્રાયલ આવેલ કાર્યવાહી :-**

➔ <u>સંજ્ઞાન (Cognizance) લેવા બાબતે</u> :-

આ કામના ફરિયાદીએ સદર ગુનાની ફરિયાદ દેવગઢ બારીઆ પો.સ્ટે. માં આપતા સદર ફરિયાદ ફર્સ્ટ ગુના રજી. નં. ૩૫/૨૦૧૯ થી રજીસ્ટરે લઈ આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૩૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદરહું ગુનાની તપાસ હાથ ધરેલ જે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

➔ <u>પ્રોસેસ ઈસ્યુ કરવા બાબતે</u> :-

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૦૪ મુજબ પ્રોસેસ ઇશ્યૂ કરતા તે બજી જતા તેઓ તેમના વિ.વ.શ્રી. સાથે હાજર થયેલ છે અને વકીલાતનામું રજુ કરેલ છે.

➔ <u>આરોપીને કેસ પેપર્સ આપવા બાબતે</u> :-

ફોજદારી કાર્યરીતિ સંહિતા ૨૦૭ મા જણાવેલ કાયદાની જોગવાઈ નુ પાલન કરવા માટે આ કામના આરોપીને ચાર્જશીટ,એફ.આઈ.આર.ની નકલ તેમજ અન્ય જરૂરી કેસ પેપર્સ વિનામુલ્યે તાત્કાલિક પુરા પાડવામાં આવેલ છે.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

➔ <u>ચાર્જફ્રેમ કરવા બાબતે</u> :-

આ કામે રજુ થયેલ તમામ કેસ પેપર્સ વંચાણે લઈ અત્રેની અદાલતના પુરોગામી ન્યાયાધીશશ્રી એ આંક- 03 થી આરોપી વિરુદ્ધ વિગતવારનુ તહોમતનામું ફરમાવેલ છે તથા આ કામના આરોપીની આંક-0૪ તથા આંક-0૫ થી પ્લી નોંધવામાં આવેલ જેમાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ. જેથી ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(3) ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન :-**

ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતાં આરોપીનુ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપવાનો તથા બચાવના સાહેદ તપાસવાનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે તેમની ઉપર ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ બંન્ને પક્ષોને સાંભળવામાં આવેલ છે.

**(૪) ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૩૧૪ અન્વયે ઉભય પક્ષે દલીલો :-**

આ કામે ઉભય પક્ષના વિદ્વાન વકીલશ્રીની વિગતવારની દલીલો સાંભળી. ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે તેઓએ આ કામના આરોપી વિરુદ્ધ શંકાથી પર કેસ સાબિત કરેલ હોય, આરોપીને યોગ્ય તે સજા કરવા રજુઆત

કરેલ છે.  જયારે આરોપીના વિદ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે ફરિયાદ પક્ષના કેસમાં આરોપી પક્ષે વ્યાજબી શંકા ઉભી કરેલ છે, જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૫) ઉપરોકત કેસની હકીકતે કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે તા.૦૧/૦૪/૨૦૧૯ ના રોજ કલાક ૧૨ઃ૩૦ વાગે મોજે શીંગેડી ગામે આ કામના આરોપીઓએ ફરિયાદીને કહેલ કે તારી પત્ની ડાકણ છે અને અમોને હેરાન કરે છે તેમ કહી ફરિયાદી તથા તેની પત્નીને માં બેન સમાણી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ફરિયાદીના ઘર આગળ મુકી રાખેલ ડાંગરના ઘાંસમાં આરોપી શંકરભાઇ બુધાભાઈએ દીવાસળી સળગાવ ઘાંસમાં નાંખી આશરે રૂ. ૧૦,૦૦૦/- નું ઘાંસ સળગાવી દઈ નુકશાન કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૩૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

**(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

**:: <u>ઉપરોક્ત મુદાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે.</u> ::**

**(૭) સો પ્રથમ સદર કામે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા, ફોજદારી કાર્યવાહી માં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.**

(૭.૧) ન્યાયતંત્રના સ્થાપીત સિદ્ધાંત મુજબ પુરાવાનુ મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનૂન સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનુ મૂલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ-૩ માં કરવામાં આવેલી સાબીતી અને ના સાબીતીની વ્યાખ્યા પર આધારિત છે.

(૭.૨) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. જ્યારે બચાવપક્ષે પોતાનો બચાવ સંભવિતતાના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે બચાવપક્ષ ફરિયાદપક્ષના સાહેદોનાં પુરાવા દરમિયાન ઉલટતપાસ માં તે હકીકત પુરવાર કરી શકે છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યરીતિ માં નથી હોતી. ફોજદારી કાર્યવાહી માં તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા જ માત્ર દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

(૭.૩) સાબીત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકત અસ્તિત્વ હોવાનું માને તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૭.૪) ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૩૪ વંચાણે લેતા, કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદોની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે સાહેદોની " સંખ્યા / જથ્થો નહીં, પુરાવાની " ગુણવત્તા" કે સાહેદોનાં પુરાવાની "વિશ્વાસનીયતા" મહત્વની હોય છે.

(૭.૫) કોઈ સાક્ષી હીત ધરાવતા હોવા માત્રથી તેના પુરાવા આપો આપ અગ્રાહ્ય ગણી શકાય નહીં કે નજર અંદાજ કરી શકાય નહીં. પરંતુ, આવા કિસ્સામાં અદાલતે સાહેદોનાં પુરાવાનુ મૂલ્યાંકન બારીકાઈથી, ઝીણવટભરી રીતે અને વધુ સભાન/સજાગપણે કરવાનુ રહે છે. જો તે સાહેદનો પુરાવો વિશ્વસનીય, ભરોસાપાત્ર અને માનવા લાયક જણાતો હોય તથા ફરિયાદપક્ષની મહત્વની બાબતમાં તેના પુરાવામાં કોઈ વિરોધાભાષી હકીકત માલુમ પડેલ ન હોય તો તેવા પ્રસંગે તેવા હિત ધરાવતા સાહેદના પુરાવાને આધારે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શિક્ષા કરી શકાય છે.

(૭.૬) હાલના કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ની કલમ-૪૩૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ હોઈ સદરહુ કલમના આવશ્યક તત્વો મુજબનો ગુનો સાબિત કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે અને તે સાબીત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવો રજુ કરવો જોઈએ. તેવા સંજોગોમાં આરોપીએ ફરિયાદમાં જણાવેલી હકીકતની સાબીતીનો બોજો ફરિયાદપક્ષ પર છે.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

**(૮) સદરહુ કામે ફરિયાદ હકીકત મુજબનો ગુનો પુરવાર કરવા સારું ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદોનાં પુરાવા નીચે મુજબ છે.**

(૮.૧) આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૧ થી ફરિયાદી દીપાભાઈ સોનાભાઈ પટેલને સોગંદ ઉપર તપાસેલા છે. જેમાં તેઓ જણાવે છે કે મારા લગ્ન સીંગેડી મુકામે થયેલા. મારા બે સાળા છે જેમાં મોટાનું નામ કાનજીભાઈ પુનાભાઈ અને બીજાનું નામ બુધાભાઈ પુનાભાઈ જે બન્ને સાળા મરણ ગયેલ જેથી તેઓની જમીન અમો ખેડતા હતા અને અમારી સાસરીમાં રહેતા હતા. કહેવાતો બનાવ આજથી એક વર્ષ પહેલા રાત્રીના નવેક વાગે હુ તથા મારી પત્ની બન્ને ઘરે હતા તે વખતે બુધા કાનજીનો છોકરો શંકર બુધા ત્યાં આવેલો અને ઘરની આગળ આવી તેણે દીવાસળી સળગાવી અમારા ઘર આગળ મુકેલ ઘાંસ બાળી નાખેલ જે ઘાંસ અંદાજે ત્રીસેક હજારનું હતુ. બીજા દીવસે મે આરોપી વિરુધ્ધ ફરિયાદ આપેલી જે ફરીયાદ મે જાતે લખાવેલી અને પોલીસે ફરિયાદ લખ્યા બાદ મારા અંગુઠાનું નીશાન લીધેલ જે ફરિયાદમાં જેમા મારા અંગુઠાનું નીશાન છે. જે ફરિયાદ આંક-૧૨ થી રજુ છે. વધુમાં સદર ફરિયાદીને કોર્ટ દ્વારા સવાલ પુછતાં જણાવે છે કે એવુ બનેલ નહી કે મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ કે બનાવ વખતે શંકર બુધા અને તેનો બનેવી કાળુ ફતેસીહ બન્ને મારા ઘર આગળ આવી મારી બૈરીને તુ ડાકણ છે તેવું કહેલું. એ વાત ખરી છે કે મે મારી ફરિયાદમાં એવું લખાવેલ કે તે લોકોએ કહેલ કે આજે તમો બન્ને પતિ પત્નીને જીવતા છોડવા નથી જાનથી મારી નાખવા છે. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં એવું લખાવેલ કે આ લોકો ઘાંસ બાળી ભાગી ગયેલા ત્યાર બાદ અમો બીજા દીવસે આગેવાનને મળી વાતચીત કરેલી અને ત્યાર બાદ ફરીયાદ આપેલી.

ફરિયાદીએ આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે મારું મુળ ગામ કાળીડુંગરી છે. એ વાત ખરી છે કે કાળીડુંગરી ગામે મારે ખેતીની જમીન આવેલ છે. એ વાત ખરી છે કે કાળીડુંગરી ગામે હાલ મારા છોકરા સુરેશ, અર્જુન, મહેશ સાથે રહીએ છીએ. એ વાત ખરી નથી કે બનાવા પહેલા અમો કાળીડુંગરી રહેતા હતા. એ વાત ખરી છે કે બુધા પુના અને કાનજી પુનાનુ ઘર બન્ને જોડે જોડે આવેલ છે જેમા પહેલું ઘર બુધા પુનાનુ આવે અને પછી કાનજી પુનાનુ આવે. એ વાત ખરી છે કે કાનજી પુનાને કોઈ સંતાન હતા નહીં. એ વાત ખરી નથી કે મારી પત્ની કાળીબેને કાનજી પુનાનું વીલ કરાવી કાઢેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કાનજી પુના વીલ કરી આપેલુ. એ વાત ખરી છે કે બુધા પુનાને એક છોકરો અને એક છોકરી સંતાનમાં છે. એ વાત ખરી નથી કે જે વખતે મારા બન્ને સાળા જીવતા હતા તે વખતે જમીન સંયુકત ખેડાતી હતી. એ વાત ખરી નથી કે અમે કાનજીની જમીન રાજાભાઈને વેચી કાઢેલ. એ વાત ખરી નથી કે ભડભા પાસેની જમીન વેચી અમોએ તેમની પાસેથી પૈસા લીધેલા. એ વાત ખરી નથી કે તે કાગળમાં મારી પત્નીએ સહી કરી જમીન વેચી આપેલી. એ વાત ખરી છે કે બુધા પુનાના ગુજરી ગયા બાદ અમારે અને બુધા પુનાનો છોકરો શંકર બુધા સાથે જમીન બાબતે મન દુઃખ ચાલતુ હતુ. એ વાત ખરી છે કે બનાવ વખતે અમારા ઘાંસની બાજુમાં આરોપી શંકર બુધાનુ પણ ઘાંસ હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમારુ અને તેમનુ બન્નેનુ ઘાંસ બાળી દીધેલું. એ વાત ખરી નથી કે બનાવ બન્યો તે વખતે હું ઘરમાં અંદર હતો. એ વાત ખરી છે કે બનાવ બન્યો તે વખતે અંધારુ હતુ. એ વાત ખરી છે કે બનાવ વખતે બધા લોકો લગ્નમાં ગયેલા અને અમો ઘરમા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપી ત્યાં આવતા અવાજ કરતા અમો બહાર આવેલા. એ વાત ખરી નથી કે બનાવ વખતે શંકર લગ્નમા ગયેલો હોય કેટલા વાગે પાછો આવેલો તે હુ જાણતો નથી. એ વાતની મને ખબર

નથી કે મારો દીકરો સુરેશ રાજા મન્સુરી પાસેથી બે લાખ રૂપીયા લઈ ગયેલો કે કેમ. એ વાત ખરી છે કે અમોએ કાનજી પુનાના તથા બુધા પુનાના કુલ પાંચ ચાયડા કમા ધના નામના આદીવાસીને ગીરવે આપેલા. એ વાત ખરી નથી કે કમળાબેન ધનાભાઈને જમીન ખરીદવાની હોય અમે આરોપી ઉપર ખોટો કેસ કરેલો. એ વાત ખરી નથી કે અમારે અને આરોપી શંકર બુધા જોડે અગાઉ થી મન દુઃખ ચાલતુ હોય તેની પાસેથી પૈસા પડાવવા માટે ખોટી ફરીયાદ આપી તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ.

(૮.૨) આ કામે ફરિયાદપક્ષે આંક-૧૯ થી સાહેદ કાળીબેન દીપાભાઇ પટેલને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે બનાવ એકાદ વરસ પહેલા અમારા ઘરની નજીક સાંજના નવેક વાગે બનેલો. બનાવના દીવસે હુ તથા મારા પતિ ઘરે હતા તે વખતે શંકર બુધા મારા ઘરે આવેલો અને તળાવ નજીક હતુ તે ઘાંસ પાંચ મણ ડાંગર હતી તે સળગાવી દીધેલુ. આમ, સદર સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદન અનુરૂપ જુબાની આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટ તપાસ કરતાં સદર સાહેદ જણાવે છે કે એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના જવાબમાં એવુ લખાવેલ કે શંકર બુધા પટેલની સાથે તેનો બનેવી કાળુ ફતેસીંહ પટેલ રહે.ભુવાલતો તેની સાથે આવેલો. એ વાત ખરી છે કે મે મારા પોલીસ નીવેદનમાં એવુ લખાવેલ કે બન્ને જણા કહેતા હતા કે તુ ડાકણ છે મને હેરાન કરે છે અને તમે બનને પતિ પત્નીને જીવતા છોડવાના નથી અને જાનથી મારી નાખવાના છે. એ વાત ખરી છે કે મે મારા પોલીસ નીવેદનમાં તેવુ લખાવેલ કે ૧૦ હજાર જેટલું નુકસાન કરેલ. આરોપીને જોયેથી ઓળખુ છુ જે પૈકી શંકર બુધા હાજર છે, અન્ય આરોપી નથી.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

જયારે સદર સાહેદે આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે શંકર બુધા તે મારા ભાઈનો છોકરો થાય છે. એ વાત ખરી છે કે મારે બે ભાઈ હતા બુધા પુના અને કાનજી પુના. એ વાત ખરી નથી કે મારા ભાઈ કાનજી પુનાને કોઈ લગ્ન કરેલ હતુ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમે જ લગ્ન કરાવેલુ, એ વાત ખરી નથી કે તેની જમીનમાંથી ખેતી કરી અમો પાક લેતા હતા. એ વાત ખરી નથી કે કાનજી પુના મરી ગયા પછી અમો તેની જમીનની દેખરેખ કરતા હતાં. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમને લોકોને કાઢી મુકેલા. એ વાત ખરી નથી કે કાનજીભાઈના મરણ જતાં તેની જમીન અમોએ રાજાભાઈ મનસુરીને વેચાણ આપી દીધેલી. એ વાત ખરી નથી કે અમોએ જમીન વેચી તે જમીન બાબતે પૈસા બાબતે ઝઘડા થયેલા. એ વાત ખરી નથી કે અમોએ જમીન વેચી દીધેલ હોય ત્યારબાદ અમો કાળીડુંગરી રહેવા જતા રહેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપીઓ અમને ગાળો બોલતા હતા અને ધમકીઓ આપતા હતા જેથી જતા રહેલા. વધુમાં સદર સાહેદને સવાલ કરવામાં આવેલ કે બનાવના દીવસે સીગેડી ગામમાં લગ્ન હતુ? જેના જવાબમાં જણાવેલ છે કે લગ્ન હતુ. લગ્નમાંથી આવીને ઘાંસ બાળી દીધેલ. એ વાત ખરી નથી કે બનાવના દીવસે હું અને મારા પતિ લગ્નમાં ગયેલા. એ વાત ખરી નથી કે બનાવના દીવસે કોણે ઘાંસ બાળ્યુ તે હુ જાણતી નથી. એ વાત ખરી છે કે શંકર બુધાના ઘરે તાળુ મારેલુ હતું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે નાસી જશે તેની બીકે અમે તેના ઘરે તાળુ મારેલું. એ વાત ખરી નથી કે અમોએ અને અમારા પતિએ શંકર બુધાને ઘાંસ સળગાવતા જોયેલ નહી. એ વાત ખરી નથી કે જમીનના પૈસા આપેલ ન હોય અમે અમારૂ ઘાંસ જાતે બાળી નાંખી આરોપીને ઘરમાં પુરી દઈ મારા પતિએ આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ આપેલી જેમાં અમે નીવેદન લખાવેલ હોય તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે અમો તથા અમારા પરીવારે

રાજાભાઈ મનસુરી પાસેથી ટુકડે ટુકડે ૧૧ લાખ રૂપીયા લીધેલા. એ વાત ખરી નથી કે ગામવાળાએ અમારો વિરોધ કરેલ જેથી અમને કોઈ ગામમાં બોલાવતુ નથી. એ વાત ખરી છે કે હાલ અમો કાળીડુંગરી ગામે રહીએ છીએ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપીઓએ અમારૂ ઘર તોડી દીધેલ હોય અમને રહેવા દેતા ન હોય જેથી અમો કાળીડુંગરી મુકામે રહીએ છીએ. એ વાત ખરી નથી કે અમોએ આ બાબતની જાણ સરપંચને કરેલ નથી. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં આ બાબતની ફરીયાદ આપેલ નથી. એ વાત ખરી નથી કે શંકર બુધા પાસેથી પૈસા પડાવવા માટે ખોટી જુબાની આપુ છુ.

(૮.3) આ કામે ફરિયાદ પક્ષે આંક-૨૧ થી પંચસાહેદ નરવત સોમાભાઇ બારીઆને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે પોલીસે આજથી અંદાજે બે એક વર્ષ પહેલા પોલીસે એક લખેલા પંચનામામાં મારા અંગુઠાનું નીશાન કરાવેલ. આ સીવાય હું બીજું કાંઈ જાણતો નથી. મને અટક પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૧ તરીકે મારા અંગુઠાનું નીશાન ઓળખી બતાવુ છું. આમ, સદર પંચસાહેદે પંચનામા અનુરૂપ જુબાની આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચસાહેદને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલ પુછવાં છતાં સદર સાહેદે ફરિયાદ પક્ષને ફળદાયી થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી.

જયારે સદર પંચસાહેદે આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે, પોલીસે મારી હાજરીમાં કોઈ આરોપીનું શરીર સ્થિતીનું પંચનામુ કરેલ નહીં કે તેમાં મે પંચ તરીકે અંગુઠાનું નીશાન કરેલ નહી.

(૮.૪) આ કામે ફરિયાદ પક્ષે આંક-૨૫ થી ત.ક.અ. ગીરવતસીંહ તેરસીંહનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે ગઈ તા.03/0૪/૨૦૧૯ ના રોજ હું દે.

બારીયા પો.સ્ટે.માં હું પી.એસ.ઓ.ના ચાર્જમાં હતો ત્યારે ફરિયાદી દીપાભાઈ સોનાભાઈ પટેલનાઓએ પો.સ્ટે.માં મૌખિક ફરીયાદ આપેલ હતી જેના આધારે મે ગુનો રજીસ્ટર કરેલો જેનો ગુના નં.૩૫/૧૯ ઈ.પી.કો.કલમ-૪૩૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪થી નોંધેલ અને ત્યારબાદ આ કામે તપાસ હે.કો. વિક્રમસિંહ મોહનસિંહનાઓને સોંપેલ. મે આ ગુનાના કામે તપાસની કોઈ કામગીરી કરેલ નથી. મે ફકત પી.એસ.ઓ.ની કામગીરી કરેલ છે.

જયારે સદર ત.ક.અમલદારે આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે હાલનો બનાવ બનેલો તેના બે વર્ષ અગાઉથી હું દે.બારીયા પો.સ્ટે.માં મારી ફરિયાદ બજાવતો હતો. એ વાત ખરી છે કે મે ફરિયાદીની હકીકત મૌખિક રીતે જાણીને ફરીયાદ લખેલી. એ વાત ખરી નથી કે જે તે સમયના પી.એસ.આઈ. શ્રીના જણાવ્યા મુજબ મે તપાસ કરનાર અમલદારને તપાસ સોંપેલી. એ વાત ખરી છે કે ફરિયાદી નોંધ્યા સીવાય આ કામે અન્ય કોઈ કામગીરી મે કરેલ નથી.

(૮.૫) આ કામે ફરિયાદ પક્ષે આંક-30 થી પંચસાહેદ દીપસીંગભાઈ મનાભાઈ પટેલનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે આજથી અંદાજે ત્રણ ચાર વર્ષ અગાઉ હું મારા કામ અર્થે દેવ.બારીઆ પો.સ્ટે. માં મારા કામ અર્થે આવેલ ત્યારે પોલીસે એક લખેલા પંચનામામાં મારી સહી લીધેલી. સહી કર્યા સિવાય હું બીજું કાંઈ જાણતો નથી. મે તે કાગળ વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલ નહી. મારી હાજરીમાં કોઈ પંચનામાની કાર્યવાહી કરવામાં આવેલ નહી. તેમજ પંચનામામાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે. આમ, સદર પંચસાહેદે પંચનામા અનુરૂપ જુબાની આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચસાહેદને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલ પુછવાં છતાં સદર સાહેદે ફરિયાદ પક્ષને ફળદાયી થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

જયારે સદર પંચસાહેદ આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે, પોલીસે મારી હાજરીમાં આરોપીનું અટક કરી શરીર સ્થિતીનું પંચનામું કરેલ નથી. એ વાત ખરી છે કે સહી કર્યા સિવાય મને બીજી કોઈ માહીતી નથી.

(૮.૬) આ કામે ફરિયાદ પક્ષે આંક-૪૫ થી ત.ક.અ. વિક્રમસીંહ મોહનસીંહ બારીઆનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે ગઈ તા.૦૧/૦૪/૨૦૧૯ ના રોજ અમો દેવ.બારીઆ પો.સ્ટે.મા અ.હે.કો. તરીકે મારી ફરજ પર હતા તે દરમ્યાન દેવ.બારીઆ પો.સ્ટે.ના પોલીસ સ્ટેશન અમલદારનાઓએ દેવ.બારીઆ પો.સ્ટે. ગુ.ર.નં.૩૫/૧૯ ઈ.પી.કો.કલમ-૪૩૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબની ફરીયાદ પો.સ્ટે. રજીસ્ટર થઈ જેની તપાસ મને મળતા તપાસ મે સંભાળી લીધેલ અને આરોપીને અટક કરેલ તથા બે સ્વતંત્ર પંચોની હાજરીમાં મારી રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલ જેમા ગુનાવાળી જગ્યા ફરીયાદી દીપાભાઈ સોનાભાઈ પટેલ રહે.સીગેડી, હોળી ફળીયાનાઓએ બતાવેલ. આ ગુનાવાળી જગ્યાનું પંચનામામાં રૂબરૂ તરીકે મારી સહી છે. પંચોની સહી છે. નામ.કોર્ટ ધ્વારા સદર પંચોને પ્રોસેસ ઈશ્યુ કરતા પંચો હાજર મળી ન આવતા મે જાતે આ ચાર્જશીટમા બતાવેલ સરનામે પંચોની ખાતરી તપાસ કરતા હાલ આ પંચો જણાવેલ સરનામે રહેતા નથી તથા પંચોની આજુબાજુમા તપાસ કરતા તેઓ ભવિષ્યમા પણ મળી આવે તેવી શકયતા જણાય આવતી નથી. આ કામે સાહેદોના નિવેદનો લીધેલ તથા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા નામદાર કોર્ટ મા ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકુ.

જયારે સદર ત.ક.અ. આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે એ વાત ખરી નથી કે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પંચોની હાજરીમા કરેલ નથી. એ વાત ખરી છે કે

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

સદર બનાવ રાતના સમયે બનેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદ બે દીવસ મોડી લખાવવા બાબતે ફરીયાદીએ કોઈ ખુલાસો આપેલ હોય તેવુ મારી તપાસમા ખુલેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદએ આરોપી નં.૧ ના સગા કુવા થાય છે. એ વાતની મને ખબર નથી કે આરોપી તથા ફરીયાદીની પત્ની વચ્ચે જમીન બાબતે ઝઘડો તકરાર ચાલે છે. એ વાત ખરી નથી કે ફરીયાદીની પત્ની કાળીબેને આરોપી નં.૧ ના કાકાનુ જમીન બાબતે વીલ કરાવેલ હતુ. એ વાત ખરી છે કે ફરીયાદી તેમજ તેમના સગા સંબંધી સીવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નહી. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છુ.

**(૯) રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મૂલ્યાંકન નીચે મુજબ છે.**

આ કામે ફરિયાદ હકીકત વંચાણે લેતા ફરીયાદ પક્ષના કેસ મુજબ કહેવાતો બનાવ બે ભાગ માં બનેલ છે જેમા પ્રથમ આરોપીઓ ફરીયાદીના ઘર આગળ આવી મા બેન સમાણી ગાળો આપેલ છે તથા "તારી બૈરી ડાકણ છે અને અમોને હેરાન કરે છે અને આજે તમોને બન્ને પતિ પત્નીને જીવતા છોડવાના નથી અને જાનથી મારી નાખવાના છે" તેમ કહી ગાળો આપ્યાનો બનાવ બનેલ છે અને ત્યારબાદ ફરીયાદી તેમજ સાહેદ કાળીબેને ગાળો આપવાની ના પાડતા આ બંને આરોપીઓ પૈકી શંકરભાઈ બુધાભાઈ પટેલનાઓએ દીવાસળી સળગાવી ફરીયાદીના ઘર આગળ મૂકી રાખેલ ડાંગરના ઘાસમા નાખી આશરે ૧૦૦૦૦/- નુ ઘાસ સળગાવી દઈ નુકશાન કરી ભાગી જવાનો બનાવ બનેલ છે.

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

વધુમાં રેકર્ડ વંચાણે લેતા સદર બનાવ વખતે ફક્ત ફરીયાદી દીપાભાઈ તથા તેમના પત્ની કાળીબેન હાજર હોવાનુ ફરીયાદમા જણાવેલ છે. જેથી સદર બનાવ ફરીયાદી અને સાહેદ કાળીબેનની હાજરી માં બનેલ છે અને આ સીવાય સદર બનાવમાં કોઈ સ્વતંત્ર નજરે જોનાર સાહેદ નથી. જેથી સદર સાહેદોના પુરાવાનુ મૂલ્યાંકન ખુબ જ ઝીણવટભરી રીતે તેમજ ધ્યાન પૂર્વક કરવુ જરૂરી જણાય આવે છે. ફરીયાદી દીપાભાઈ સોનાભાઈ પટેલનો આંક-૧૧ થી સોગદ પર નોંધવામાં આવેલ પુરાવો વંચાણ લેતા સા પ્રથમ એ હકીકત નોંધવામાં આવે છે કે સદર સાહેદને કોર્ટ ધ્વારા સરતપાસ માં કેટલાક સવાલ પૂછવામાં આવેલ છે જે હકીકત લક્ષમાં લઈ તેઓના પુરાવાનુ મૂલ્ય આંકવું જરૂરી છે. ફરીયાદીએ તેઓની સરતપાસ મા જણાવેલ છે કે તેઓ અને તેમના પત્ની ઘરે હતા તે વખતે આરોપીઓ ત્યા આવેલા અને ઘર આગળ આવી દીવાસળી સળગાવી તેઓના ઘર આગળ મુકેલ ઘાસ કે અંદાજે ત્રીસ હજારનુ હતુ તેને બાળી દીધેલ છે. પરંતુ ફરીયાદી તેઓની સરતપાસમા સ્વૈચ્છાએ પ્રથમ ગાળો તેમજ ધમકી આપેલાના બનાવ વિશે મૌન ધારણ કરેલ છે જ્યારે કોર્ટ દ્વારા સવાલ પૂછતા તેઓએ ગાળો તેમજ ધમકી આપેલાનો સ્વીકાર કરે છે. તેવી રીતે આ કામના આરોપી સાથે તેઓને અગાઉ જમીન બાબતે મનદુઃખ ચાલતુ હોવાની હકીકત સ્વીકારે છે તથા બનાવ વખતે ફરીયાદીના ઘાસની બાજુમા આરોપીનુ પણ ઘાસ હતુ અને તે બન્ને ઘાસ બળી ગયેલાની હકીકત જણાવે છે. વધુમા ફરીયાદ હકીકત મુજબ ફરીયાદીના ઘાસ બળી જવાથી તેઓને આશરે દસ હજારનુ નુકશાન થયેલ છે પરંતુ તેઓ સરતપાસમા તેઓનુ ઘાસ આશરે ત્રીસ હજારનુ હતુ તેમ જણાવે છે. આમ ફરીયાદી પોતે બનાવના નજરે જોનાર સાહેદ હોય તથા ભોગ બનનાર સાહેદ હોય તેમ આરોપીઓએ તેઓને ગાળો તેમજ ધમકી આપેલાની હકીકત સ્વૈચ્છાએ જણાવતા નથી તેમજ તેઓને થયેલ નુકશાન બાબતે પણ વિરોધાભાસી હકીકત જણાવે છે. વધુમાં કોર્ટમાં

પ્રથમ વખત તેઓના ઘાસની બાજુમા આ કામના આરોપીઓનુ પણ ઘાસ હતું અને તે પણ આરોપી શંકરભાઈએ  બાળી કાઢેલ હતુ તેમ જણાવે છે. આમ ફરીયાદીના પુરાવા ઉપર વિશ્વનીયતા જણાય આવતી નથી અને પ્રબળ શંકા ઉદભવે છે. छता

તેવી જ રીતે ફરીયાદપક્ષે આંક-૧૯ થી સાહેદ કાળીબેન દીપાભાઈ પટેલનાઓને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદને એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ સાહેદ જાહેર કરવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તેઓ ફક્ત ઘાસ બળી ગયાની હકીકત જણાવે છે અને ત્યારબાદ એ.પી.પી.શ્રી તર્ફે કરેલ ઉલટ તપાસમા ફરીયાદી પક્ષને સમર્થન કારી હકીકતો સ્વીકારે છે. આમ, સદર સાહેદ પણ ફરીયાદ હકીકત મુજબનો પ્રથમ ગાળો અને ધમકી આપેલાનો બનાવ તેઓની સરતપાસમા પ્રથમ જણાવતા નથી. વધુમાં સદર સાહેદ આરોપીઓ અને તેઓ વચ્ચે જમીન બાબતે તકરાર ચાલતી હોય તેમ જણાવે છે. વધુમાં સદર સાહેદ ઉલટ તપાસ માં એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપી શંકરભાઈ બુધાભાઈના ઘરે તેઓએ તાળું મારેલ હતું અને સ્વૈચ્છાએ જણાવે છે કે આરોપી નાસી જશે તેવી બીકે અમે તેઓના ઘરે તાળુ મારેલુ. આમ, ફરિયાદ હકીકત મુજબ આ કામના આરોપીઓ બનાવ બાદ તેઓના ઘરે નાસી ગયેલા જ્યારે સદર સાહેદ તેઓના પુરાવામા આરોપીઓને તેઓના ઘરમાં તાળું મારી પુરી દીધેલાની હકીકત પ્રથમ વખત જણાવે છે. આમ સદર સાહેદના પુરાવામા પણ વિશ્વસનીયતા જણાય આવતી નથી અને શંકા ઉદભવે છે.

આ કામે શરીરસ્થિતિના પંચો એ.પી.પી.શ્રી ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે તથા આ કામના ગુનાવાળી જગ્યાના પંચો ફરિયાદ પક્ષ તપાસી શકેલ ન હોય, તપાસ કરનાર અમલદારની જુબાનીમાં સદર પંચનામાને આંક આપવામાં આવેલ છે જેમા આરોપીના વિ.વ.શ્રી તર્ફે કોઈ વાંધો

લેવામાં આવેલ નથી. સદર આંક-૪૬ વાળુ પંચનામુ વંચાણે લેતા તેમા ઘાસ સળગાવતા આશરે દસ હજારનું નુકસાન થયેલ હશે તેવુ પંચોનુ માનવુ હતુ. વધુમાં સદર ગુનાવાળી જગ્યાના પંચનામામાં આ ઘાસ શાનુ હતુ તે બાબતે કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી પરંતુ ફરીયાદ હકીકત મુજબ સદર ઘાસ ડાંગરનુ ઘાસ હતુ. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ એક તરફ ફરીયાદી સદર ઘાસ ડાંગરનુ હોય અને સળગી જવાથી દસ હજારનુ નુકશાન થયેલાનુ જણાવે છે જયારે તેઓના પુરાવામા આરોપી શંકરભાઈ અને ફરીયાદી બન્નેનુ ઘાસ એક સાથે સળગી ગયાની હકીકત જણાવે છે. આમ, અગર ફરીયાદ પક્ષની હકીકત મુજબ ફરીયાદીનું ઘાસ સળગી હોય તો તેનાથી ચોક્કસ કેટલા રૂપિયાનું નુકશાન થયું તેવી હકીકત રેકર્ડ પર ફરિયાદ પક્ષે પુરવાર કરેલ નથી.

આ તબકકે આ કામે આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ-૫૦૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય તે કયારે માની શકાય તે સંદર્ભે નામદાર સર્વોચ્ચ અને વડી અદાલતનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, Manik Taneja & anr, Vs, State of Karnataka[1], તેનો પેરા નં ૧૪ નીચે મુજબ છે.

*Para-'14' A reading of the definition of "Criminal intimidation" would indicate that there must be an act of threatening to another person, of causing an injury to the person, reputation, or property of the person threatened, or to the person in whom the threatened person is interested and the threat must be with the intent to cause alarm to the person threatened or it must be to do any act which he is not legally bound to do or omit to do an act which he is legally entitled to do. 15.In the instant case, the allegation is that the appellants have abused the complainant and obstructed the second respondent from discharging his public duties and spoiled the integrity of the*

[1] **2015 (0) AIJEL-SC 56094**

*second respondent. It is the intention of the accused that has to be considered in deciding as to whether what he has stated comes within the meaning of "Criminal intimidation". The threat must be with intention to cause alarm to the complainant to cause that person to do or omit to do any work. Mere expression of any words without any intention to cause alarm would not be sufficient to bring in the application of this section. But material has to be placed on record to show that the intention is to cause alarm to the complainant. From the facts and circumstances of the case, it appears that there was no intention on the part of the appellants to cause alarm in the minds of the second respondent causing obstruction in discharge of his duty. As far as the comments posted on the Facebook are concerned, it appears that it is a public forum meant for helping the public and the act of appellants posting a comment on the Facebook may not attract ingredients of criminal intimidation in Section 503 IPC.*

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે , Pravinbhai Becherbhai Vankar Versus State Of Gujarat[2] ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, *In order to convict an accused under Section-504 of Indian penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the month of the witness. The insult envisaged by section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence In order to convict an accused under Section-506(2) of Indian penal Code, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened.*

[2] **2006 (0) AIJEL-HC 217263**

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

આમ, ઉપરોકત ચુકાદાઓના સિધ્ધાંતો ધ્યાને લેતાં ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ તથા ૫૦૬(૨) અંતર્ગત આરોપીઓને તકસીરવાન ઠરાવવા માટે જે પ્રકારનો પુરાવો આવશ્યક છે તે ફરિયાદ પક્ષ રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ છે.

વધુમા ફરીયાદ હકીકત મુજબ સદર બનાવ તા.૦૧/૦૪/૧૯ ના રોજ બનેલ છે જયારે હાલની ફરીયાદ તા.03/૦૪/૧૯ ના રોજ આપવામા આવેલ છે. વધુમાં ફરીયાદીએ ફરીયાદ મોડી આપવાના ગર્ભીત ખુલાસા માં જણાવેલ છે કે ગઈ કાલ રોજ આગેવાનોને મળી વાતચીત કરી આજરોજ ઉપરોકત બાબતે ફરીયાદ કરવા આવેલ છે. તેવી જ રીતે ફરીયાદીના પુરાવામા પણ ફરીયાદીએ સદર ફરીયાદ મોડી આપવા બાબતે કોઈ સ્પષ્ટ ખુલાસો જણાવેલ નથી તથા આંક-૪૫ થી સોગદ પર તપાસેલ તપાસ કરનાર અમલદાર શ્રી વિક્રમસિંહ મોહનસિંહ બારીઆનાઓ તેઓની ઉલટ તપાસ માં એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ બે દીવસ મોડી આપવા બાબતે ફરીયાદીએ કોઈ ખુલાસો આપેલ નથી તથા સદર બનાવ રાતના સમયે બનેલ છે તથા ફરીયાદી તેમજ તેમના સગા સંબંધી સીવાય કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલ નથી.

**આ તબક્કે નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા Thulia Kali Versus State Of Tamil Nadu,[3] માં એફ.આઈ.આર. દાખલ કરવામા થયેલ વિલંબ બાબતે નીચે મુજબ ઠરાવેલ છે.**

*Delay in lodging the first information report quite often results in embellishment which is a creature of afterthought. On account of delay the report not only gets bereft of the advantage of spontaneity danger creeps in of the introduction of coloured version, exaggerated account or concocted story as a result of deliberation and consultation. It is, therefore,*

---

[3] **1972 (0) AIJEL-SC 31979**

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**

*essential that the delay in the lodging of the first information report should be satisfactorily explained.*

આમ ઉપરોકત કરેલ પુરાવાની ચર્ચા મુજબ ફરીયાદી દીપાભાઈ તથા સાહેદ કાળીબેનના પુરાવામા શંકા ઉદભવે છે તે હકીકત ધ્યાને લેતા તેમજ આરોપીઓ અને ફરિયાદ પક્ષ વચ્ચે અગાઉ જમીન બાબતે તકરારો ચાલતી હોવાની હકીકત ધ્યાને લેતા તેમજ બનાવ બાદ ફરીયાદીએ તુરંત ફરીયાદ નહી આપી ગામના આગેવાનો સાથે વાતચીત કર્યા બાદ ફરિયાદ આપેલ છે તે હકીકત પણ ધ્યાને લેતા તેમજ ફરીયાદીના પુરાવામા ફરીયાદ મોડી આપવા બાબતેનો કોઈ ખુલાસો કરેલ ન હોય અને ફરીયાદ મા કરવામા ડીલે અનએકસપ્લેન્ડ હોય, આ કામના ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**આમ ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદીની ફરિયાદ અનએકપ્લેન્ડ વિલંબ ના કારણે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબના મહત્વના વિરોધાભાસ ના કારણે આ કામના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૪૩૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનામા શંકાનો લાભ આપવામાં આવે છે. જેથી મુદા નં.૧ નો નિર્ણય નકારમા આપવામા આવે છે તથા મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

## ♦ હુકમ ♦

(૧) આ કામના આરોપી **(૧) શંકરભાઈ બુધાભાઈ બારીઆ** રહે. શીંગેડી, હોળી ફળીયા, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ., **(૨) કાળુભાઈ ફતેસીંગભાઈ પટેલ** રહે. ભુવાલ, ચારી ફળીયા, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની-૨૪૮(૧)

અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૩૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે અગર કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો મુદ્દામાલનો અપીલ સમય પૂરો થયેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(3) ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) આરોપીએ રૂ.૫000/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા તથા આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૭મી માહે માર્ચ ને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : દેવગઢ બારીઆ.**
**તારીખ: ૧૭/03/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઈ વકીલ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**
**દેવગઢ બારીઆ**
**યુ.આઈ.ડી નં. જી.જે. ૦૧૫૩૭**

**S.R.Vakil**
**J.M.F.C, Devgadh Baria**